bluebytes
news that matters

Thursday, March 11, 2010

**Why there is no tax on bidi? question from tobacco against association**

Publication: Suryakal, Edition: Ahmedabad, Journalist: Bureau, Page No: 6, Location: Bottom-Left, Width(cms): 8, Height(cms): 12, Size(sq.cms): 96

# બીડી પર વેરો ન લાદનારી સરકારની હીલિસ દ્વારા ટીકા

અમદાવાદ, ગુરુવાર

તમાકુ વિશે ધ્યાન કેન્દ્રિત કરીને સંશોધન થકી ભારતમાં જાહેર આરોગ્ય સુધારણા માટે સમર્પિત સંસ્થા હીલિસ - સખસેરિયા ઈન્સ્ટિટ્યુટ ફોર પબ્લિક હેલ્થે બજેટ ૨૦૧૦માં સિગારેટો, સિગાર્ટ અને સિગારિલોઝ પર ૧૧-૧૮ ટકાનો વેરો લાદ્યો પણ બીડી પર વેરો નહીં લાદ્યો તેના વિરોધમાં કેન્દ્રીય નાણાં પ્રધાનની ટીકા કરી છે.

સંસ્થાના સંચાલક ડૉ. પ્રકાશ સી. ગુપ્તાએ જણાવ્યું હતું કે, ભારતમાં વિશ્વના બીડી ઉત્પાદન કરતા સૌથી વધુ ૮૫ ટકાથી વધુ ઉત્પાદન થાય છે. ભારતમાં દર વર્ષે એક ટ્રિલિયન બીડીનું ઉત્પાદન થાય છે. બીડી પર ફક્ત એક પૈસા વેરો લાદવામાં આવશે તો પણ સરકારની મહેસૂલી આવકમાં રૂા. ૧૦૦૦ કરોડનો વધારો થશે. ભાવવધારાને કારણે બીડી પીનારા ઘટશે, જેને લીધે જાહેર આરોગ્ય સુધરશે.

બીડીના ધુમાડામાં તમાકુ ઘટક નાઈટ્રોસેમાઈન્સની ઉચ્ચ માત્રા છે, જે કેન્સર થવા માટે સૌથી જવાબદાર ઘટકમાંનું એક છે.

આથી સરકારે બીડી ધૂમ્રપાન નાથવા ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

બીડી સામે હંમેશાં એ સવાલ ઊઠતો રહ્યો છે કે ભારતમાં બીડી પીવાથી સૌથી વધુ મોત નીપજતાં હોવા છતાં અન્ય તમાકુ ઉદ્યોગની જેમ બીડી પર વેરો લાદવામાં કેમ નથી આવતો.